**GUJARAT ENERGY TRANSMISSION CORPORATION LTD.**
Regd. Office: Sardar Patel Vidyut Bhavan, Race Course, VADODARA –07
Phone : (0265) 23230583-86 Fax No. (0265) 23380238 233823-5
Deputy Engineer(E&M),Const.sub-Division Office, NAVSARI.
Kabilpore - 396424
Telephone No. (02637) 239943 Fax No.(02637) 236104
Corporate Identity No (CIN): U40100GJ1999SGC036018
Web: www.getcogujarat.com Email:deconstnavsarisdn.getco@gebmail.com

23-24/જેટકો/સીએસડીએન/ટેક/ ૬૬કેવી કરંજખેડ ચુનાવાડી લાઇન/૬૧૦ Date: 26.04.2023

પ્રતિ શ્રી,
નાયબ વન સંરક્ષક શ્રી,
વ્યારા, જી. તાપી

વિષય:- કિશાન સૂર્યોદય યોજના અંતર્ગત ૬૬ કેવી કરંજખેડ ચુનાવાડી લાઇનની ૭.૮૦૪૮ હેક. જંગલ જમીનની દરખાસ્ત માટે વાંસદા નેશનલ પાર્ક ઇકો સેન્સેટિવ ઝોનમાં મોનીટરીંગ કમીટીની ભલામણ આપવા બાબત

સંદર્ભ :- આપની કચેરીનો પત્ર ક્રમાંક:- બ/FCA/૨૨/૭૨૦-૭૨૨/૨૦૨૩-૨૪ તારીખ:- ૨૪/૦૪/૨૦૨૩

માનનીય સાહેબશ્રી,

જય ભારત સહ ઉપરોક્ત વિષયના અનુસંધાને, ૬૬ કેવી કરંજખેડ સબસ્ટેશનથી ચુનાવાડી સબસ્ટેશન સુધીની ૭.૮૦૪૮ હેક. માટે ૬૬કેવી ઇલેક્ટ્રીક લાઇન નાખવા માટે ૦.૯૦૨ હેક. વન જમીન માટે વન્યજીવ દ્રષ્ટિકોણ થી ૧ થી ૮ શરતોને શરતોને આધીન ના-વાંધા પ્રમાણપત્ર આપવામાં આવેલ અને તેની સાથે શરતો મંજૂર અંગેનો કપલાયન્સ રિપોર્ટની પુર્તતા કરવા આપના દ્વારા જણાવવામાં આવેલ. તો આ સાથે શરતો મંજૂર અંગેનો કંપલાયન્સ રિપોર્ટ સામેલ કરવામાં આવેલ છે.

આપની સહયોગની અપેક્ષા સહ

નાયબ ઇજનેર
બાંધકામ પેટાવિભાગ,
જેટકો, નવસારી

નકલ સાદર રવાના:-
(1) કાર્યપાલક ઇજનેર, બાંધકામ વિભાગ, નવસારી- આપની જાણ સારું.

26/4/2023
T-2022
15

નાયબ વન સંરક્ષક વ્યારાની કચેરી
તારીખ : 27/4/2023
રજી. ક્રમ નંબર : 576
ટેબલ નંબર : T-22

**GUJARAT ENERGY TRANSMISSION CORPORATION Ltd.**
Regd. Office: Sardar Patel Vidyut Bhavan, Race Course, VADODARA–07
Phone : (0265) 23230583-86 Fax No. (0265) 23380238 233823-5
Office of The Executive Engineer Construction Division Office,
Navsari, Kabilpore - 396424
Telephone No. (02637) 239943 Fax No. (02637) 236104
Corporate Identity No.(CIN) : U40100GJ1999SGC036018
Web: www.getcogujarat.com Email: eeconstnavsari.getco@gebmail.com

નં.૨૦૨૩-૨૪/જેટકો/સીએસડીએન/ટેક/૬૬કેવી કરંજખેડ ચુનાવાડી લાઈન/ ૩૧૩૧ તા: ૨૫/૦૪/૨૦૨૩

પ્રતિ શ્રી
નાયબ વન સંરક્ષકશ્રી,
ડાંગ દક્ષિણ વન વિભાગ,
આહવા

**વિષય : વાંસદા નેશનલ પાર્કના ઈકો સેન્સીટીવ ઝોનમાં આવેલ તાપી જીલ્લાના ડોલવણ તાલુકાના મોજે ચુનાવાડી ગામમાં ૪૩૩૬ મીટર લાંબાઇ અને ૧૮ મીટર પહોળાઇની ૬૬ કેવી ઇલેક્ટ્રીક લાઇન(**કિસાન સુર્યોદય યોજના અંતર્ગતની ૬૬કેવી કરંજખેડ-ચુનાવાડી લાઈનની ૭.૮૦૪૮ હે. જંગલ જમીનની દરખાસ્ત**) નાંખવા ૦.૯૦૨ હે. જમીન માટે વન્યજીવના દ્રષ્ટિકોણથી જે ના-વાંધા પ્રમાણપત્ર આપવામા આવેલ છે તે બાબતેની બાહેંધરી.**

**સંદર્ભ :** (૧) ના વાંધા પ્રમાણપત્ર નંબર - PCCFO/0658/01/2023 Dt: 19-01-2023

માનનીય સાહેબ શ્રી,

જય ભારત સહ ઉપરોક્ત વિષયના અનુસંધાનમા જણાવવાનુ કે, ૬૬કેવી કરંજખેડ-ચુનાવાડી લાઈન એ ગુજરાત સરકારની અતિ અગત્યની કિસાન સુર્યોદય યોજનાનો એક ભાગ છે. સદર લાઈન માટે ૭.૮૦૪૮ હે. જંગલ જમીનના ડાયવર્ઝન માટે નાયબ વન સંરક્ષણ, તાપી ને દરખાસ્ત કરવામા આવેલ. અને સદર લાઈનનો ચુનાવાડી નજીકનો ૦.૯૦૨ કિ.મી જેટલો ભાગ વાંસદા નેશનલ પાર્કના ઈકો સેન્સેટીવ ઝોનમા આવે છે. જે માટે અનુસંધાન (૧) થી ના-વાંધા પ્રમાણપત્ર આપવામા આવેલ. જે માટેની શરતોને આધિન નીચે મુજબ બાહેંધરી આપવામા આવે છે.

૧. કામગીરી દરમ્યાન વન્યજીવોના રહેઠાણ, વનસ્પતિ તેમજ વન્યજીવ સૃષ્ટિને કોઈ ખલેલ ન પડે તેમજ તેને કોઈપણ પ્રકારનું નુકશાન ન થાય તેની પુરતી કાળજી રખવામા આવશે.
૨. ભવિષ્યમાં પણ "ના વાંધા પ્રમાણપત્ર" નો આપેલ હેતુ સિવાય અન્ય કોઇ હેતુ માટે હેતુફેર કરશુ નહી. બાંધકામ દરમ્યાન તથા ભવિષ્યમાં હવા, પાણી, જમીન, અવાજ વિગેરેનું પ્રદુષણ થાય તેવી કોઇપણ કામગીરી કરવામા આવશે નહી. જેની પુરતી તકેદારી રાખીશુ.
૩. સદરહું વિસ્તારમાંથી પ્રવાહી, પ્લાસ્ટીક કે અન્ય કોઇપણ પ્રકારનો ઘન કે પ્રવાહી કચરો અભયારણ્ય કે અભયારણ્યના ઈકો સેન્સીટીવ ઝોનમાં પ્રવેશે નહી તે રીતે કાયમી નિકાલની વ્યવસ્થા કરી આપીશુ.
૪. વન ભૂમિના ઉપયોગ માટે વન સંરક્ષણ ધારા – ૧૯૮૦ હેઠળ અલગથી મંજુરી મેળવવાની દરખાસ્ત કરેલ છે.
૫. પરવાનગી આપેલ જગ્યા સિવાય અન્ય કોઈ જગ્યાએ કામગીરી કરવામા નહી આવે.
૬. કામગીરી શરૂ કરતા પહેલા તથા કામગીરી પૂર્ણ થયા બાદ વન વિભાગની સ્થાનિક કચેરીને લેખિતમાં જાણ કરીશુ.
૭. ઈકો સેસીટીવ ઝોનનો ઝોનલ માસ્ટર પ્લાન તૈયાર થયે તેમાં કરવામાં આવનાર લાગુ પડતી જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવામા આવશે.
૮. વન્યજીવોના સંરક્ષણ સંબંધે ભવિષ્યમાં ચીફ વાઇલ્ડલાઇફ વોર્ડન કે રાજ્ય સરકારશ્રી દ્વારા કોઇ વધારાની શરત મુકવી જરૂરી જણાશે તો આ વધારાની શરતોનો પણ અમલ કરવામા આવશે.

**કાર્યપાલક ઈજનેર(બાંધકામ),**
**નવસારી**

**સદર રવાના :**
(૧) અધિક્ષકશ્રી વાંસદા નેશનલ પાર્ક, નવતાડ
(૨) નાયબ વન સંરક્ષકશ્રી, તાપી- વ્યારા
(૩) અધિક્ષક ઈજનેરશ્રી, પ્રવહન વર્તુળ કચેરી, જેટકો, નવસારી.
(૪) નાયબ ઈજનેર બાંધકામ પેટા વિભાગીય કચેરી, જેટકો, નવસારી